## હરિની દ્દષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આ પાંચ કરોડમાં વેંચાયેલા ધારાસભ્યને... ખંડણીખોરોએ દશ લાખની ધમકી આપી છે... એટલે ખંડણીખોરો સામાન્ય લાગે છે.. રાજકારણના જાણકાર નથી લાગતા

# બલરામ મંદિર ખાતે મનપા દ્વારા એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો



## મેળામાં ૭૦૦થી વધુ નોકરી વાંચ્છુકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે સેકટર-૧૨ ખાતે મુખ્યમંત્રી અપ્રેન્ટીસ યોજના અંતર્ગત ભરતી મેળો યોજાયો હતો. જેમાં ૭૦૩ જેટલા યુવા બેરોજગારોએ ભાગ લીધો હતો. આ ભરતી મેળાને મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

મહાનગર પાલિકા દ્વારા આયોજીત અપ્રેન્ટીસ ભરતી મેળાને ખુલ્લો મુકતા મેયર પ્રવિણભાઈ પટેલે જણાવ્યું હતું કે યુવાનોની સંખ્યા ભારતમાં અન્ય દેશો કરતા વધુ છે એવા સંજોગોમાં દેશના યુવાનોને તેમનામાં રહેલી આવડત અને કૌશલ્ય આધારિત કામ મળી રહે તો સુંદર દશ્ય સર્જી શકે તેમ છે. આ દિશામાં પહેલ કરીને ગુજરાત સરકારે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ તાલીમ યોજના શરુ કરી છે. આ યોજના કુશળ સ્કીલ્ડ માનવબળ ઉભું કરવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે તેવું જણાવી યોજનાની વિશેષ માહિતી આપી હતી. આ ભરતીમેળામાં અલગ અલગ ઔદ્યોગિક કંપનીઓ, હોટલ અને મોલ એ ઉમેદવારોની પસંદગી કરવા માટે ભાગ લીધો હતો. આ પ્રસંગે આઈટીઆઈના પ્રિન્સીપાલ ભરતભાઈ નાયક એ પણ ઉદબોધન કર્યુ હતું. આ ભરતી મેળામાં મનપાના સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ કમિશનર એસ.એલ. અમરાણી, મહેન્દ્ર પટેલ, પૂર્વ મેયર હંસાબેન મોદી, નીતિનભાઈ પટેલ, નાઝાભાઈ ઘાંઘર, ધીરુભાઈ ડોડિયા, નરેશ પરમાર, હર્ષાબા ધાંધલ, પ્રવિણાબેન વોરા, પ્રીતિબેન દવે, નિલાબેન શુકલ, રીટાબેન પટેલ, નાયબ કમિશનર જે.બી. બારૈયા સહિત મોટી સંખ્યામાં રોજગાર વાંચ્છુક ઉમેદવારો હાજર રહ્યા હતા.

# શહેરને સુપર ક્લોરીનેશન સાથે નિયમિત રીતે પેયજળનો પુરવઠો આપવા માંગ

## નર્મદા કેનાલનું પાણી પ્રદૂષિત છે અને રોગચાળાની સ્થિતિમાં જ નહિ પણ સમયાંતરે ક્લોરીનેશન ટેસ્ટ કરવામાં આવે તેવી માંગ કરતા પીન્કી પટેલ

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરને સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો આપવામાં આવે તેવી માંગ કોંગીના કાઉન્સીલર પિન્કીબેન પટેલે રાજ્યના માર્ગ મકાન મંત્રીને પત્ર લખીને કરી છે.

શ્રીમતિ પટેલે તેમના આ પત્રમાં જણાવ્યુ છે કે રોગચાળાની સ્થિતિ દરમ્યાન જ પાણીની ગુણવત્તા ચકાસવાની નીતિ પણ શહેરીજનોના હિતમાં નથી. ગુણવત્તાની ચકાસમી માટે ચોક્કસ સમયાંતરે કરવામાં આવે તે જરૂરી છે અને તેમાં ગુણવત્તાની જાળવણી થાય છે કે નહિ તેની જવાબદારી માટે તંત્રને પણ સુનિશ્ચિત કરી કામગીરી કરવાની સૂચના આપવા માંગ કરી છે. શ્રીમતિ પટેલે લખેલા આ પત્રમાં વધુમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં પુરો પાડવામાં આવતો પાણી પુરવઠો મુખ્યત્વે નર્મદા કેનાલ આધારીત છે. હાલમાં નર્મદા કેનાલનું પાણી ઘણુ જ પ્રદુષિત છે જેથી કરીને પાણીને જીવાણુ રહીત બનાવવા માટે નિયત પ્રમાણમાં રેસી. ક્લોરીનનું પ્રમાણ જળવાઈ રહે તે જરૂરી હોય છે. અઠવાડીયા પહેલા ગાંધીનગર શહેરના પાણી પુરવઠામાં ક્લોરીનની માત્રા નીલ હતી, જેથી ગાંધીનગર શહેરના નાગરીકોને પ્રદુષિત પાણી પીવુ પડેલ હતુ. રેસી. ક્લોરીન વગરના પાણીનો પીવા માટે ઉપયોગ કર્યો હોવાથી જે શહેરીજનોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હતી તેમને ઝાડા ઉલટી અને મરડો જેવા પાણી જન્ય રોગોનો ભોગ બનવુ પડેલ છે. એક વખત બેકટેરીયાવાળુ પાણી પીવામાં આવે તે પછી તેનો ઈન્ક્યુબેશન પીરીયડ ૭ થી ૧૦ દિવસ હોય છે જે દરમિયાન શહેરીજનો પાણી જન્ય રોગચાળાનો ભોગ બનતા હોય છે, જે પરિસ્થિતિનો ભોગ બની હાલમાં ગાંધીનર શહેરીજનો પાણી જન્ય રોગચાળાનો સામનો કરી રહ્યા છે. જ્યારે રોગચાળો ફાટે ત્યારે વિભાગો પાણીમાં જરૂરી માત્રામાં ક્લોરીન જળવાઈ રહે તેવી ગોઠવણ કરી પાણીના નમુના લઈ પરીક્ષણ અર્થે મોકલવામાં આવે છે, જે બાબત શહેરીજનો માટે સારી નથી.

# ઓપીડીમાં મહિલા સિક્યુરીટી અને મહિલા દર્દી વચ્ચે ઘર્ષણ સર્જાયું

## ગાયનેક ઓપીડીનો બનાવ, સિક્યુરીટી ગાર્ડને ઈજા પહોંચી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ગાયનેક ઓપીડીમાં આજે સવારના સુમારે મહિલા સિક્યુરીટી ગાર્ડ અને દર્દી સાથે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. આ ઝપાઝપી દરમિયાન મહિલા સિક્યુરીટી ગાર્ડને ઈજા પહોંચી હતી. સિવિલ સ્ટાફના કર્મચારીઓ પોતાના સગાઓને લઈને અંદર જતા હોવાથી સમગ્ર ઘર્ષણ સર્જાયું હતું. જયારે મામલો થાળે પાડવા માટે ખુદ ડોકટરને બહાર આવવુ પડ્યું હતું. જયારે ગાયનેક ઓપીડીમાં હોહા થતા મોટીસંખ્યામાં દર્દીઓ અને સગાઓ એકત્ર થયા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા દર્દીઓ કલાકો સુધી લાઈનમાં બેસીને ડોક્ટર્સ પાસે સારવાર કરાવે છે. ત્યારે સવારથી જ લાંબી લાઈનોનો સામનો કરી રહેલા દર્દીઓ અને તેમના સગાઓની નજર હેઠળ જ સિવિલના કર્મચારીઓ પોતાના સગાઓને લઈને સ્ટાફ કહીને ડાયરેક્ટ ડોકટર પાસે લઈ જાય છે. જેથી લાઈનમાં બેસી રહેલા દર્દીઓમાં રોષ ભભુકી ઉઠે છે. ત્યારે દરેક ઓપીડીમાં મોટાભાગે આ મામલે રોજ ચકમક ઝરતી હોય છે.

પરંતુ આજે ગાયનેક ઓપીડીમાં મહિલા સિક્યુરીટી અને મહિલા દર્દી અને તેમના અન્ય સગાઓએ ભારે હોબાળો મચાવીને ઓપીડી બાનમાં લીધી હતી. જયારે દર્દીઓને લાઈનમાં અંદર મોકલી રહેલા મહિલા સિક્યુરીટી ગાર્ડ સાથે ઝઘડો કરી ઘર્ષણ ઉભુ કરીને ઈજા પહોંચાડી હતી. ઓપીડી બહાર બખેડો થતા ખુદ ડોક્ટરને મામલો થાળે પાડવા માટે બહાર આવવુ પડ્યું હતું. ત્યારે સિવિલમાં ખુદ સલામતીની ફરજ નિભાવતા કર્મચારીઓ પર આ પ્રકારના હુમલા થાય તે ગંભીર બાબત છે. ગાયનેક ઓપીડીમાં ઘર્ષણના પગલે નર્સિંગ સ્ટાફના કર્મચારીઓ અન્ય ઓપીડીમાંથી નાગરીકો એકઠા થઈ ગયા હતા.

# સિવિલમાં વિવિધ ટીમોને પગલે ધમધમાટ

## આજે અરુણાચલ રાજયની મેડીકલ ટીમ સિવિલની મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૨૩

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની ટીમ આજે બાલ સેવા કેન્દ્ર તથા બાલ સંજીવનીની મુલાકાત લીધી હતી. અહીં એડમીશનથી લઈને રસોડા તથા બાળકોને રાખવાની સુવિધા ચકાસીને સમીક્ષા કરવામાં આવી હતી. આવતીકાલે કેન્દ્ર સરકારની મિડીયા ટીમ ગાંધીનગર સિવિલની મુલાકાત લેશે. આ ઉપરાંત અરુણાચલ રાજયની ટીમ પણ લેબરવોર્ડમાં બનાવેલ આઈસીયુની મુલાકાત લેશે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા ચારપાંચ દિવસથી વિવિધ ટીમોની મુલાકાતને લઈને દોડધામ મચી જવા પામી છે. સિવિલના સત્તાધિશો કેન્દ્ર અને અન્ય રાજયની આગતા સ્વાગતા કરવામાં વ્યસ્ત બન્યા છે. આજે કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગની ટીમ સીએમટીસી તથા એનઆરસીની સમીક્ષા માટેની ટીમ આવી પહોંચી હતી.યુનિસેફના પ્રતિનિધી ઉપરાંત બાળરોગના નિષ્ણાંત અને ટેકનીશીયનની આ ટીમે ગાંધીનગર સિવિલના બાળ સંજીવની કેન્દ્રો ઉપરાંત દહેગામ, રખિયાલ, નારદીપુર, અને માણસામાં આવેલા બાલ સેવા કેન્દ્રોની મુલાકાત લીધી હતી. અને અહીં તેમને માતાનો ફિંડીગપ્રોટોકોલ, હાઈજેન, તથા બાળકના પોષણ અંગે વિગતવાર માહિતી મેળવી હતી. સિવિલના બાળકોના વોર્ડમાં જઈને તેમને એડમીશન પ્રક્રિયાથી લઈને બાળકને અપાતા ખોરાક તેમજ માતાના કાઉન્સિલીગના વિભાગની પણ ચકાસણી કરી હતી.

### પ્રથમ રૂ. ૨૫ હજારની માંગણી સબ ઓડીટરે કરી હતી

# સે. ૧૧ બહુમાળી ભવનમાં લોકલ ફંડ કચેરીમાં એસીબીની ટ્રેપ

## ફરજ મોકુફ થયેલા તલાટીના ઓડીટમાં કોઈ નોંધ નહી લખવા ૨૫ હજારની માંગણી કરનાર સબ ઓડીટર ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૩

પાટનગરમાં સે. ૧૧ સ્થિત બહુમાળી ભવનમાં ગઈકાલે એન્ટી કરપ્શન બ્યુરોની ટ્રેપ થવા પામી હતી. લોકડ ફંડ કચેરીમાં ફરજ બજાવતા સબ ઓડીટરને રૂ. ૧૦ હજારની લાંચ લેતા એસીબીની ટીમે રંગેહાથ પકડી પાડ્યા હતા. સબ ઓડીટરની ધરપકડ કરી એસીબીએ ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

ગાંધીનગર એસીબીને ફરીયાદ મળી હતી કે સે. ૧૧ સ્થિત બહુમાળી ભવનમાં આવેલી લોકલ ફંડની કચેરીમાં સબ ઓડીટર લાંચની માંગણી કરે છે. તલાટી કમ મંત્રી તરીકે અગાઉ નોકરી કરતા ફરીયાદીને વર્ષ-૨૦૧૬માં ફેબ્રુઆરી માસથી ફરજ મોકુફ કરવામાં આવ્યા હતા. તેમની પંચાયતનું વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૭નું ઓડીટ લોકલ ફંડ કચેરીના સબ ઓડીટર ભરત ત્રિકમલાલ પટેલ કરતા ન હતા. ફરજ મોકુફ તલાટી વિરૂદ્ધ ઓડીટમાં કોઈ નોંધ નહી લખવા બાબતે પ્રથમ રૂ. ૨૫ હજારની માંગણી સબ ઓડીટરે કરી હતી. જે રકઝકના અંતે રૂ. ૧૦ હજારમાં ડીલ નક્કી થઈ હતી. આ મામલે તાલાટીએ એસીબીને ફરીયાદ કરી હતી. ગઈકાલે કચેરીમાં છટકુ ગોઠવી એસીબી પીઆઈ ડી.વી. પ્રસાદની ટીમે રૂ. ૧૦ હજારની લાંચ સ્વિકારતા સબ ઓડીટરની રંગેહાથ પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં જળસંચય ક્ષેત્રે જનશક્તિને જોડીને અદ્ભૂત જળક્રાંતિ સર્જાવા જઈ રહી છે

### જળક્રાંતિ
પુલક ત્રિવેદી

એક દિવસની વાત છે. એક આશ્રમમાં યુવાને સ્વામીજીને કહ્યું કે, 'જીવનના મર્મનો સાચો અર્થ શું છે ?' સ્વામીએ હસતાં હસતાં યુવાનને કહ્યું, 'પહેલાં અહીં આવ અને મારી પાસે બેસ.' સ્વામીએ કિટલીમાંથી ચા રેડવાની શરૂઆત કરી કે તરત જ પેલો યુવાન ઝડપથી બોલ્યો, 'સ્વામી એક મિનીટ થોભો તો હું રકાબી લઈ આવું.' એ યુવાન દોડ્યો અને રકાબી લઈ આવ્યો. સ્વામીએ યુવાનને કહ્યું, 'જો બેટા, ચા પીવા માટે જેમ પાત્રની પર્યાપ્ત ક્ષમતાની જરૂર છે એમ જ્ઞાન મેળવવા માટે મન અને હૃદયના પાત્રની યોગ્યતા જરૂરી છે.'

આજે ગુજરાતના ગામે ગામ ચોરે અને ચૌટે જળસંગ્રહ ક્ષમતા વધારવા માટેના પાત્ર તૈયાર કરવાના કામમાં લોકો લાગી ગયા છે. આખું ગુજરાત એકાદ મહિના પછી વરસનારા વરસાદના એકેએક ટીંપાંને સંચિત કરવા માટે ગુજરાતની ધરાનું પાત્ર વધુ ચોખ્ખું, ઊંડુ અને સુયોગ્ય બનાવવાના કામમાં તન, મન અને ધનથી જોડાઈ ગયા છે.

જળ જીવનનો આધાર છે. પાણી હૃદયનો ધબકાર છે. જળ એ જીવનનો શણગાર છે. મધમધતા ઉપવન, હરિયાળી, વૃક્ષો-ફૂલોનો ઉઘાડ છે જળ. ટૂંકમાં જળ એ જ જીવનનો પર્યાય છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આજથી બરાબર ત્રણેક સપ્તાહ પહેલાં ૨૯મી એપ્રિલ ૨૦૧૮ના રોજ ડંકાની ચોટ ઉપર એક એલાન કર્યું હતું કે ગુજરાત આખું આગામી ચોમાસા પહેલાં જળસંચય કરવા માટે નદી, નાળાંની સફાઈ, તળાવો, ચેકડેમો અને પરંપરાગત જળાશયો ઊંડા કરવા જેવા હજારો કામો કરવામાં લાગી જશે.

ચોમાસા દરમિયાન વરસાદના પ્રત્યેક ટીંપાંને સંચિત કરવાના નિર્ધાર સાથે ગુજરાતમાં જળ અભિયાનનો વિરાટ જન પુરુષાર્થ યજ્ઞ આરંભાયો. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વયં ૧લી મે ૨૦૧૮ના રોજ ભરૂચ જિલ્લાના કોસમડી ગામતળાવ ઊંડું કરવાના કાર્યમાં શ્રમદાન કરીને જળ અભિયાનનો શંખ ફૂંક્યો. સતત એક માસ સુધી રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સુજલામ્ સુફલામ્ જળ અભિયાનમાં હૃદયપૂર્વક જોડાયાં. ગુજરાતમાં જળસંચય ક્ષેત્રે જનશક્તિને જોડીને અદ્ભૂત જળક્રાંતિ સર્જાવા જઈ રહી છે. ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો સોંપવા ગુજરાતના એકે-એક ગુર્જર બાંધવે કમરકસી છે.

સમૃદ્ધ, સલામત, શક્તિશાળી અને પાણીદાર ગુજરાતના નિર્માણ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુજલામ્-સુફલામ્ જળ અભિયાનને સાચા અર્થમાં જનઆંદોલન બનાવી દીધું છે. મુખ્યમંત્રીશ્રીએ ત્રણ સપ્તાહમાં ૨૪ જિલ્લામાં સઘન પ્રવાસ કરીને હજારો લોકો સાથે શ્રમદાનમાં જોડાયા અને લાખો લોકોને પ્રેરક સંબોધન કરી જળસંચય માટે પ્રેરિત કર્યા. શ્રી વિજયભાઈ રૂપાણીએ ટેકનોલોજીનો સમુચિત ઉપયોગ કરીને ૧૨ જિલ્લાઓમાં વીડિયો કોન્ફરન્સીંગથી લોકો સાથે સીધો સંવાદ કરીને જળસંચય ક્ષેત્રે નવતર અભિગમ અપનાવ્યો.

હર્ષદપુર ગામના પૂર્વ સરપંચ વિનોદભાઈ ભંડારી તેમના ગામના તળાવને ઊંડા કરવાની કામગીરીથી એટલા બધા ખુશ થઈ ગયા છે. એ કહે છે કે, અમારા હર્ષદપુર ગામના તળાવની પાણીની સંગ્રહક્ષમતા ખૂબ વધી જશે અને આજુબાજુના ખેતરોને સિંચાઈના પાણીથી ફાયદો થશે. વળી તળાવમાંથી નીકળેલી કાંપની માટી અમારા ગામના ખેતરોમાં ખૂબ ફળદ્રુપતા વધારશે.

શેરથા ગામના માજી સરપંચ ગુલાબજી ઠાકોર કહે છે કે, જળ અભિયાનથી અમારા ગામના ૫૦ જેટલા ટ્યુબવેલ રિચાર્જ થશે, પાણી ઊંચા આવશે.

ચીખલીના અલીપોર ગામતળાવને ગામલોકોએ સરકારી તંત્ર, સ્વૈચ્છિક સંસ્થાઓ, સુગર ફેક્ટરી અને સહકારી મંડળીઓના સહયોગથી માત્ર છ દિવસમાં ઊંડું કરી દીધું. અનેક ગામો-શહેરોમાં જળ અભિયાનમાં લોકો ખંતભેર જોડાયાના આવા સેંકડો દાખલા છે.

આજથી ત્રણેક સપ્તાહ પહેલાં જળ અભિયાનના સંદર્ભમાં વાત ચાલતી ત્યારે કહેવાતું હતું કે, આટલા તળાવ ઊંડા થશે, આટલા કિલોમીટરની નહેરોની સફાઈ થશે વગેરે વગેરે. ત્રણ સપ્તાહ પછી આંકડાઓ જોઈએ તો ગર્વ થાય છે કે, જળસંચયનું ૯૦ ટકા કાર્ય પૂર્ણ થયું છે. ગુજરાતની જનતામાં દમ છે, ગુજરાત સરકાર પાણીદાર છે. ૧૬૬૧૬ કામોના લક્ષ્યાંક સામે આજે ૧૫૬૯૦ ઉપરાંત કામો પૂર્ણતાના આરે છે. ટકાવારીમાં વાત કરીએ તો લગભગ ૯૫ ટકા કામગીરી થઈ છે. આ નાની-સૂની વાત નથી. એક લક્ષ્યાંક એના નિર્ધારિત અવધિના એકાદ સપ્તાહ પહેલાં ૯૫ ટકા કામગીરી પૂરી કરી છે.

રાજ્યમાં મનરેગા હેઠળ ૨.૫૦ લાખ શ્રમજીવીઓ જળસંચયના કાર્યમાં લાગ્યા છે. જેનાથી રાજ્યમાં ૩૫ લાખ કરતાં વધુ માનવદિનની રોજગારીનું નિર્માણ થયું છે. આ સ્વયં એક બહુ મોટી ઉપલબ્ધિ છે. રાજ્યભરમાંથી ૨૪૭૫ જેટલી એનજીઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ જળસંચયના કાર્યમાં સ્વયંભૂ રીતે જોડાઈ છે. ૧૮૯૭૧ જેટલાં જેસીબી, હિટાચી, ટ્રેકટર ડમ્બર જેવા ભીમકાય મશીનો જળસંચયના કાર્યમાં દિવસ-રાત કાર્યરત છે. રાજ્યમાં નવ જિલ્લામાં તો ૧૦૦ ટકાથી વધુ જળસંચયની કામગીરી થઈ ચૂકી છે. ૧૪ જિલ્લાઓમાં ૮૫ ટકાથી વધુ કાર્યો પૂર્ણતાના આરે છે. અમદાવાદ, ગાંધીનગર, નર્મદા, અરવલ્લી, પાટણ, ખેડા, મહિસાગર, ભરૂચ, નવસારી, બોટાદ, સોમનાથ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ જિલ્લાઓમાં ૧૦૦ ટકા જળસંચયની કામગીરી પૂર્ણ થઈ છે. બનાસકાંઠા, આણંદ, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી, વલસાડ, દેવભૂમિદ્વારકા, પોરબંદર, જૂનાગઢ જિલ્લામાં ૯૦ ટકા કામગીરી પૂર્ણતાના આરે છે.

ગુજરાતના પનોતાપુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા કહેતાં કે, 'પાણી એ પરમાત્માનો પ્રસાદ છે અને પાણીના પ્રત્યેક ટીપાને સુયોગ્ય રીતે બચાવી ભાવિ પેઢી માટે સમૃદ્ધ જળવારસો મૂકી જવાની આપણા સૌની જવાબદારી છે.' શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દોઢ પોણા બે દાયકા પહેલાં ગુજરાતમાં જળસંચય માટે જે પુરુષાર્થ યજ્ઞ આરંભ્યો હતો તેમાં જનશક્તિને જોડવાનો નિષ્ઠાપૂર્વકનો પુરુષાર્થ યજ્ઞ ગુજરાત સરકારે આરંભ્યો છે. ગુજરાતની જનશક્તિએ તેને પ્રચંડ પ્રતિસાદ પણ આપ્યો છે.

'જળ એ જ જીવન અને જળ છે નવસર્જન'ના સૂત્રને સાકાર કરવા દરેક ગુજરાતી બાંધવ જળસંચયના કાર્યમાં ઊર્જાવાન બનીને જોડાયો છે. જળ આ અભિયાનને આખા ગુજરાતે વહાલથી વધાવ્યું છે. જળવૃદ્ધિ જ સાચી સમૃદ્ધિ અને જળસેવા એ જ સાચી પ્રભુસેવા એ સમજીને ગુજરાતને સુજલામ્-સુફલામ્ કરવાના કામમાં આખું રાજય લાગી ગયું છે.



નર્મદા જિલ્લાના ચિકદા તળાવને ઊંડું કરતા શ્રમજીવીઓ

| જિલ્લો : નર્મદા | |
|---|---|
| લક્ષ્યાંક | ૩૮૬ |
| શરુ થયેલા કામો | ૩૮૧ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૧૪૫ |
| પૂર્ણ થયેલા કામો | ૨૩૬ |
| પ્રગતિ હેઠળ + પૂર્ણ થયેલા કામોની ટકાવારી | ૯૮.૭૦ |



અમદાવાદની ખારીકટ કેનાલની સાફ-સફાઈ

| જિલ્લો : અમદાવાદ | |
|---|---|
| લક્ષ્યાંક | ૪૧૧ |
| શરુ થયેલા કામો | ૪૩૬ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૩૬૩ |
| પૂર્ણ થયેલા કામો | ૭૩ |
| પ્રગતિ હેઠળ + પૂર્ણ થયેલા કામોની ટકાવારી | ૧૦૬.૦૮ |



આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ઝાલોરા ગામતળાવને ઊંડું કરતા ગ્રામજનો

| જિલ્લો : આણંદ | |
|---|---|
| લક્ષ્યાંક | ૬૬૬ |
| શરુ થયેલા કામો | ૬૫૬ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૩૮૧ |
| પૂર્ણ થયેલા કામો | ૨૭૫ |
| પ્રગતિ હેઠળ + પૂર્ણ થયેલા કામોની ટકાવારી | ૯૮.૦૫ |

# પાણીના દુકાળને ભૂતકાળ બનાવી ભાવિ પેઢી માટે દુકાળ એ દંતકથા બને એવી સ્થિતી નિર્માણ કરવી છે - CM



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જળસંચયના જે પણ સ્ત્રોત છે તે તમામ સ્ત્રોતની જળ સંગ્રહ ક્ષમતા વધારવા દેશભરમાં પહેલરૂપ સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ગુજરાતે ઉપાડયું છે તેમ સ્પષ્ટપણે જણાવ્યું છે.

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ઝારોલા ગામે તળાવ ઊંડુ કરવાના શ્રમયજ્ઞમાં જોડાયેલા મુખ્યમંત્રીશ્રીએ એવો નિર્ધાર પણ વ્યકત કર્યો કે, આ અભિયાનથી પાણીના દુકાળને ભૂતકાળ બનાવી ભાવિ પેઢીને દુકાળની ખબર જ ન પડે તેવો સમૃધ્ધ જળ વારસો આપીને દુકાળને ભાવિ પેઢી માટે દંતકથા બનાવી દેવો છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની ધરતી અનિયમિત વરસાદને કારણે અતૃપ્ત રહે છે ત્યારે આ સૂકી ધરાને તૃપ્ત કરીને તેને નવપલ્લવિત કરવાના આ ભગીરથ કાર્યમાં જનતા જનાર્દને પોતાનું અભિયાન બનાવ્યું હોવાનો ઉલ્લેખ કરી આ અભિયાન ભાવિ પેઢીનું નિર્માણ કરનારું અભિયાન બની રહેશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સમગ્ર માનવજાત અને જીવસૃષ્ટિના કલ્યાણ માટેના આ મહાઅભિયાન થકી પાણીનો જે સંગ્રહ થશે તે ખેડૂતો, પશુઓ, ઢોર-ઢાંખર, પંખીઓ સહિત સર્વેને માટે આશીર્વાદ સમાન બની રહેશે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવી ગુજરાતને પાણીદાર રાજ્ય બનાવવાનું અભિયાન રાજ્ય સરકારે આદર્યુ હોવાનું કહ્યું હતું.

પાણીના એક-એક ટીપાંનો ઉપયોગ ખેતી, પશુપાલન, વન-પર્યાવરણ માટે થાય તેવા જળસંચયના કામો આ અભિયાન અંતર્ગત હાથ ધરાયા છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ મૃત:પાય થયેલ નદીઓ-કોતરોને પણ પુન:જીવિત કરવાના કાર્યોની વિગતો આપી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન દરમિયાન સમગ્ર રાજયમાં ૧૧ હજાર લાખ ઘનફૂટ પાણીનો સંગ્રહ કરવામાં આવશે તેમ કહ્યું હતું.

હવામાન ખાતાની આગાહી મુજબ આગામી ચોમાસુ ગુજરાત માટે સારા સમાચાર લઈને આવ્યું છે અને સારો એવો વરસાદ પડશે ત્યારે વરસાદીનું ટીંપે-ટીંપું જમીનમાં ઉતારી વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની હિમાયત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ અભિયાન સંસ્કૃતિને, પરંપરાને જાળવવાનું, ભાવિ પેઢીનું નિર્માણ કરવાનું અને સમૃદ્ધ જળવારસો આપવાનું અભિયાન છે.

ખભેખભા મિલાવીને જળઅભિયાનને આખા ગુજરાતે વહાલથી વધાવ્યું



જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સીંગચ ગામતળાવમાંથી કાંપ કાઢવાની કામગીરી

| જિલ્લો : જામનગર | |
|---|---|
| લક્ષ્યાંક | ૭૮૮ |
| શરુ થયેલા કામો | ૬૭૨ |
| પ્રગતિ હેઠળ અને પૂર્ણતાના આરે આવેલા કામો | ૩૬૩ |
| પૂર્ણ થયેલા કામો | ૩૦૯ |
| પ્રગતિ હેઠળ + પૂર્ણ થયેલા કામોની ટકાવારી | ૮૫.૨૮ |